Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

ઈ–દક્ષિણાયન
Dakshinayan e-Newsletter
For Private Circulation Only



Vol. 17, Issue. 284, April 2026

પ્રિય વાચક મિત્રો,

ભારતીય શિક્ષણ વ્યવસ્થાનો મૂળ આત્મા હંમેશાથી માત્ર અક્ષરજ્ઞાન કે આજીવિકા પૂરતો સીમિત નથી રહ્યો, પરંતુ તે માનવીના આંતરિક ગુણોના પ્રગટીકરણ અને સામાજિક ચેતનાના જાગરણનું માધ્યમ રહ્યો છે. આપણી પ્રાચીન સંસ્કૃતિથી લઈને આજના આધુનિક કેનવાસ પર નજર કરીએ તો સમજાશે કે, ભારતમાં શિક્ષણ એ ભણવાનો વિષય ઓછો અને 'જીવવાની કળા' વધારે છે.

શિક્ષણ એ માત્ર ડિગ્રીઓ મેળવવાની રેસ કે આર્થિક સધ્ધરતા મેળવવાનું સાધન નથી, પરંતુ તે એક સંસ્કારી, સંવેદનશીલ અને જવાબદાર સમાજ નિર્માણની પ્રક્રિયા છે. ભારતીય ચિંતનમાં શિક્ષણને 'સા વિદ્યા યા વિમુક્તયે' એટલે કે વિદ્યા તે છે જે મુક્તિ અપાવે – બંધનોમાંથી અને અજ્ઞાનતામાંથી, તે અર્થમાં સ્વીકારવામાં આવ્યું છે. આજના ભૌતિકવાદી અને ડિજિટલ યુગમાં જ્યારે ટેકનોલોજી અને પ્રોફેશનલિઝમ સર્વોપરી બની રહ્યા છે. ત્યારે શિક્ષણમાં માનવ જીવનનું મૂલ્ય અને સામાજિક ઉત્તરદાયિત્વ એ માત્ર અભ્યાસક્રમનો હિસ્સો નહિં, પણ દેશના ભવિષ્યનો મુખ્ય આધારસ્તંભ બની રહે છે.

ભારતીય શિક્ષણ પ્રણાલીનો પ્રાથમિક ઉદ્દેશ્ય વ્યક્તિને એક કુશળ વ્યાવસાયિક બનાવવાની સાથે એક ઉત્તમ અને સહાનુભૂતિ ધરાવતો માનવી બનાવવાનો છે. બાળપણ એ માનસિક સ્લેટ જેવું છે, જેના પર જે લખાય તે આજીવન ભૂસાતું નથી. આપણી શાળાઓમાં શરૂઆતથી જ વાર્તાઓ, પ્રાર્થના અને સુવાક્યો દ્વારા પ્રામાણિકતા, અહિંસા, કરુણા અને વડીલો પ્રત્યે આદરના પાઠ ભણાવવામાં આવે છે. ' વિદ્યા વિનયેન શોભતે' એટલે કે વિદ્યા વિનયથી જ શોભે છે – આ સૂત્ર વિદ્યાર્થીને અહંકારથી દૂર રાખી નમ્રતા શીખવે છે. સાચું શિક્ષણ માણસને સફળ બનાવે કે ન બનાવે, પણ તેને સંસ્કારી ચોક્કસ બનાવે છે.

આ સાથે જ આધુનિક ભારતીય શિક્ષણ હવે માત્ર ગોખણપટ્ટી કે માર્ક્સ લાવવાની પદ્ધતિમાંથી બહાર આવી રહ્યું છે. બાળકના શારીરિક, માનસિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક વિકાસ માટે યોગ, રમતગમત, સંગીત અને ચિત્રકળા જેવી પ્રવૃત્તિઓને અનિવાર્ય બનાવવામાં આવી છે. આ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને માનસિક રીતે સંતુલિત રાખે છે અને જીવનની વિષમ પરિસ્થિતિઓમાં સ્થિર રહેતા શીખવે છે. વિદ્યાર્થી જીવન દરમિયાન આવતી નાની–મોટી પરીક્ષાઓ, રમતગમતમાં મળતી હાર કે જીત, અને સ્પર્ધાત્મક વાતાવરણ અજાણતા જ બાળકના મનને મજબૂત કરે છે. તે જીવનના અસલી સંઘર્ષો, નિષ્ફળતાઓ અને તણાવ સામે લડવાની આંતરિક શક્તિ કેળવે છે, જે પુસ્તકીય જ્ઞાન ક્યારેય આપી શકતું નથી.

ભારતીય જીવનશૈલી ક્યારેય વ્યક્તિવાદી નથી રહી, તે હંમેશા સમૂહલક્ષી રહી છે. 'વસુધૈવ કુટુંબકમ' એટલે કે સમગ્ર પૃથ્વી જ મારો પરિવાર છે નો મંત્ર વિદ્યાર્થીને નાનપણથી જ વૈશ્વિક નાગરિક બનવાની પ્રેરણા આપે છે. શિક્ષણ વ્યક્તિને સ્વાર્થમાંથી પરમાર્થ તરફ લઈ જાય છે. શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓ માત્ર પોતાના અધિકારો વિશે જ નથી જાણતા, પરંતુ દેશ અને સમાજ પ્રત્યેની તેમની ફરજો વિશે પણ જાગૃત થાય છે. પર્યાવરણની જાળવણી કરવી, વૃક્ષો વાવવા, પાણીનો બગાડ અટકાવવો, જાહેર મિલકતને પોતાની સમજીને તેનું રક્ષણ કરવું અને ટ્રાફિકના નિયમોથી લઈને દેશના કાયદાનું પાલન કરવું – આ બધું જ સામાજિક ઉત્તરદાયિત્વનો ભાગ છે જે શિક્ષણ દ્વારા સ્થાપિત થાય છે.

ઉચ્ચ શિક્ષણ અને શાળાઓમાં ચાલતી નેશનલ સર્વિસ સ્કીમ (NSS) અને નેશનલ કેડેટ કોર્પ્સ (NCC) જેવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને વર્ગખંડની બહાર લાવીને વાસ્તવિક દુનિયાનો પરિચય કરાવે છે. ગ્રામીણ વિસ્તારોમાં જઈને શ્રમદાન કરવું, સફાઈ અભિયાન ચલાવવું, રક્તદાન શિબિરોનું આયોજન કરવું, અક્ષરજ્ઞાન આપવું કે આપત્તિના સમયે રાહત સામગ્રી પહોંચાડવી – આ બધી પ્રવૃત્તિઓ યુવાનોમાં 'સેવા ભાવ' અને નેતૃત્વના ગુણો ખીલવે છે. ભારતમાં ભૌગોલિક, ધાર્મિક અને આર્થિક વિવિધતા ખૂબ મોટી છે. પરંતુ શાળાની અંદર જ્યારે દરેક બાળક એક સરખો ગણવેશ પહેરે છે, ત્યારે અમીર–ગરીબ, જ્ઞાતિ–જાતિ કે ધર્મના ભેદભાવ ઓગળી જાય છે. આ વ્યવસ્થા બાળકના કોમળ મનમાં સામાજિક સમાનતા અને ભાઈચારાના બીજ રોપે છે, જે આગળ જતાં એક મજબૂત અને અખંડ રાષ્ટ્રના નિર્માણમાં મદદરૂપ બને છે.


કોઈપણ દેશની પ્રગતિ તેના આર્થિક આંકડાઓ કે ગગનચુંબી ઈમારતોથી નથી મપાતી, પરંતુ ત્યાંના નાગરિકોના ચારિત્ર્યથી મપાય છે. જ્યારે એક સુશિક્ષિત એન્જિનિયર, ડૉક્ટર, બિઝનેસમેન કે વૈજ્ઞાનિક પોતાની કમાણી અને સફળતાની સાથે–સાથે સમાજને કંઈક પાછું આપવાની ભાવના રાખે છે ત્યારે જ શિક્ષણ સાચા અર્થમાં સાર્થક ગણાય છે. શિક્ષણ એ માત્ર માથું જ્ઞાનથી ભરવા માટે નથી, પરંતુ હૃદયને સંવેદનાથી ભરવા માટે છે. જે દિવસે આપણા યુવાનો પોતાની કુશળતાનો ઉપયોગ સમાજના અંતિમ છેડાના માણસના કલ્યાણ માટે કરતા થશે, તે દિવસે ભારતીય શિક્ષણ વ્યવસ્થાનો આ પરમ હેતુ સિદ્ધ થશે અને ભારત સાચા અર્થમાં 'જગતગુરુ' બનવા તરફ અગ્રેસર થશે.

તા. ૦૧ મે, ૨૦૨૬

(ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)
કુલપતિશ્રી

## વિશ્વવિદ્યાલય સમાચાર

### 'સમાનતા દિવસ'ની ભવ્ય ઉજવણી







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા ભારતીય બંધારણના શિલ્પી, ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૩૬મી જન્મજયંતિ નિમિત્તે "સમાનતા દિવસ"ની અત્યંત ગરિમાપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય બાબાસાહેબના સામાજિક ન્યાયના વિચારો અને ભારતીય બંધારણના ઘડતરમાં તેમના અતુલ્ય યોગદાનને યાદ કરી તેમાંથી પ્રેરણા મેળવવાનો હતો.

કાર્યક્રમની શરૂઆત મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય અને ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને હાર અર્પણ કરીને કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ બંધારણના ઘડવૈયાને પુષ્પાંજલિ અર્પણ કરી અને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

કાર્યક્રમના પ્રારંભમાં પ્રોગ્રામ કૉ–ઓર્ડિનેટર ડૉ. હિના એન. મકવાણાએ સ્વાગત પ્રવચન આપ્યું હતું. તેમણે તમામ મહાનુભાવો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓને આવકારતા જણાવ્યું હતું કે વિશ્વવિદ્યાલય હંમેશા બાબાસાહેબના 'શિક્ષિત બનો'ના મંત્રને સાર્થક કરવા માટે કટિબદ્ધ રહી છે.

કાર્યક્રમના મુખ્ય વક્તા ડૉ. વિક્રમભાઈ દેસાઈ (પૂર્વ આચાર્ય, સિદ્ધાર્થ લૉ કૉલેજ અને પૂર્વ સિન્ડિકેટ સભ્ય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત) દ્વારા એક અત્યંત શૈક્ષણિક અને સંશોધનાત્મક વ્યાખ્યાન રજૂ કરવામાં આવ્યું હતું.

- વિષય: 'ભારતના બંધારણના ઘડતરમાં ડૉ. બી.આર. આંબેડકરની ભૂમિકા'
- મુખ્ય અંશો: ડૉ. વિક્રમ દેસાઈએ પોતાના વ્યાખ્યાનમાં બંધારણના ઘડતર સમયના વિવિધ ઐતિહાસિક પાસાઓની છણાવટ કરી હતી. તેમણે સમજાવ્યું કે કેવી રીતે બાબાસાહેબની દૂરંદેશીને કારણે ભારતીય બંધારણ આજે વિશ્વનું સૌથી શ્રેષ્ઠ બંધારણ બન્યું છે. તેમણે મૂળભૂત અધિકારો અને સામાજિક લોકશાહીના ખ્યાલો પર ભાર મૂકી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ એક જીવંત સંવાદ સત્ર યોજાયું હતું. જેમાં વિદ્યાર્થીઓએ અને ઉપસ્થિત પ્રબુદ્ધ નાગરિકોએ ડૉ. વિક્રમ દેસાઈ સાથે વર્તમાન સમયમાં બંધારણની પ્રસ્તુતતા વિશે પ્રશ્નો પૂછયા હતા. વક્તાએ ખૂબ જ ઊંડાણપૂર્વક તમામ પ્રશ્નોના ઉત્તર આપી શ્રોતાઓની જિજ્ઞાસા સંતોષી હતી.

વિશ્વવિદ્યાલયના માન. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અધ્યક્ષીય ઉદ્બોધન આપ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો, કર્મચારીઓ અને સુરતના પ્રબુદ્ધ નાગરિકો (Enlightened Citizens) ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના અંતે ડૉ. તરુલતા છૌવાલા (એસોસિએટ–પ્રાધ્યાપક, રસાયણશાસ્ત્ર વિભાગ) દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. તેમણે કુલપતિશ્રી, મુખ્ય વકતા, આયોજક સમિતિ અને તમામ ઉપસ્થિત મહેમાનોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. કાર્યક્રમની પૂર્ણાહુતિ રાષ્ટ્રગીત સાથે કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન પીએચ.ડી. સ્કોલર સોનલ કાકલોતરે કર્યું હતું.

### 'વરસાદી પાણી સંચય અને જળ સંરક્ષણ અભિયાન'





રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા તા. ૦૨–૦૪–૨૦૨૬ના

રોજ સવારે ૧૧:૦૦ કલાકે કોમ્પ્યુટર સાયન્સ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે "વરસાદી પાણી સંચય અને જળ સંરક્ષણ અભિયાન" વિષય પર માર્ગદર્શન સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, એન.એસ.એસ. વિભાગના સંયોજકશ્રી ડૉ. શ્રીધર નિમાવત અને મુખ્ય વકતા તરીકે ડૉ. દિપેશ ઝા, મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની કૉલેજોના લગભગ ૨૫૦ કરતા વધુ પ્રતિનિધિઓ અને એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ હાજર રહ્યા હતા.

માનનીય કુલપતિશ્રીએ માર્ગદર્શન આપતા જણાવ્યું કે, વરસાદી પાણીનો યોગ્ય રીતે સંચય અને તેનો પુનઃઉપયોગ કરવાથી ભૂગર્ભ જળસ્તર જાળવી શકાય છે તેમજ ભવિષ્યમાં પાણીની અછતને ટાળી શકાય છે. શૈક્ષણિક સંસ્થાઓએ રૂફટોપ રેઈનવોટર હાર્વેસ્ટિંગ, રિચાર્જ કૂવો તથા અન્ય જળસંગ્રહ પદ્ધતિઓ અમલમાં મૂકી પાણી બચત માટે સક્રિય ભૂમિકા ભજવવી જરૂરી છે.

મુખ્ય વકતા ડૉ. દિપેશ ઝાએ તેમના વકતવ્યમાં જણાવ્યું કે, વધતી જતી ગરમી અને ઘટતા ભૂગર્ભ જળસ્તર માનવ ક્રિયાઓનું પરિણામ છે અને તેનો ઉકેલ પણ આપણા પ્રયત્નોમાં જ છે. તેમણે વધુમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે વરસાદી પાણીનો સંગ્રહ કરી તેને જમીનમાં ઉતારવાથી જળસ્તર જાળવી શકાય છે અને પાણીની તંગીને ઘટાડવામાં મદદ મળે છે. તેમણે રિચાર્જ કૂવો, ચેકડેમ, રૂફટોપ રેઈનવોટર હાર્વેસ્ટિંગ અને ડ્રેનેજ લાઈન ટ્રીટમેન્ટ જેવી પદ્ધતિઓના ઉપયોગ દ્વારા જળસંગ્રહ વધારવાની જરૂરિયાત સમજાવી હતી. ઉપરાંત એન.એસ.એસ.ના સ્વયંસેવકો દ્વારા ગામ અને શહેર સ્તરે જાગૃતિ ફેલાવી આ અભિયાનને અસરકારક બનાવવા પર પણ તેઓએ ભાર મૂકયો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. વિભાગના સંયોજકની ડૉ. શ્રીધર નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું.

## વાર્ષિક CSR કોન્ક્લેવનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય તમારી CSR સહકાર પહેલમાં આપેલા સમર્થન અને રસ માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય વાર્ષિક CSR કોન્ક્લેવનું આયોજન કર્યું હતું, જેનો ઉદ્દેશ્ય શિક્ષણ, સંશોધન અને સામાજિક વિકાસને આગળ વધારવા માટે શૈક્ષણિક ક્ષેત્ર અને કોર્પોરેટ ક્ષેત્ર વચ્ચેના સંબંધને મજબૂત બનાવવાનો હતો. આ કાર્યક્રમમાં વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને એમાં મળેલા સકારાત્મક પ્રતિસાદ માટે આભારી છીએ.

અમને સમજ છે કે કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓને કારણે પ્રતિનિધિઓ બેઠકમાં હાજર રહી શક્યા નથી. અમે અમારા સહયોગને ખૂબ જ મહત્વ આપીએ છીએ અને આપની પ્રતિષ્ઠિત સંસ્થા સાથે સરકાર તકો શોધવા ઇચ્છીએ છીએ.

હાલમાં અમે આપને નીચે મુજબની CSR પ્રવૃતિઓમાં યોગદાન આપવા આમંત્રિત કરીએ છીએ.

૧. શિક્ષણ અને કૌશલ્ય વિકાસ
૨. પર્યાવરણ અને ટકાઉપણું
૩. આરોગ્ય સેવા
૪. મહિલા સશકિતકરણ
૫. ગ્રીન કેમ્પસ
૬. ડિજિટલ કલાસરૂમ અને AI લેબ્સ
૭. આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓ માટે સ્કોલરશિપ
૮. સામાજિક વિકાસ સાથે સુસંગત અન્ય કોઈપણ પ્રવૃતિ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય CSR નોંધાયેલ સંસ્થા હોવાથી, તમને ફંડ ઉપયોગ પ્રમાણપત્ર પ્રદાન કરવામાં આવશે. આપની પસંદગીની CSR પ્રવૃતિના આધારે અમે MOU પણ કરી શકીએ છીએ. વધુ ચર્ચા માટે કૃપા કરીને ડૉ. ભાવેશ વાનપરિયા–૭૭૭૭૯૯૫૫૯૯, ઈ–મેઈલ : csr@vnsgu.ac.in પર સંપર્ક કરો.

આ ઉપરાંત અમે, ૦૬–૦૬–૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે નર્મદ, ભવન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતમાં CSR મીટ એન્ડ ગ્રીટનું આયોજન કરીએ છીએ, જેમાં વધુ ચર્ચા કરવામાં આવશે. આપને હાર્દિક આમંત્રણ છે.

## Department of Biotechnology

### 'પ્રાચીન જ્ઞાનથી આધુનિક વર્ગખંડ સુધીઃ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં ભારતીય જ્ઞાન પ્રણાલીઓ' વિષયક એક દિવસીય રાષ્ટ્રીય સ્તરનો વર્કશોપ







તારીખ ૨૭ માર્ચ ૨૦૨૬ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના બાયોટેકનોલોજી વિભાગમાં "પ્રાચીન જ્ઞાનથી આધુનિક વર્ગખંડ સુધી: રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં ભારતીય જ્ઞાન પ્રણાલીઓ" વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય સ્તરની વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનું આયોજન ગવર્નમેન્ટ કોમર્સ એન્ડ સાયન્સ કૉલેજ, દહેજ ભરૂચ દ્વારા બાયોટેકનોલોજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સહયોગથી કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ ઉદ્ઘાટન સત્ર સાથે થયો, જેમાં મહેમાનોનું આમંત્રણ અને દીપ પ્રજ્વલન કરીને જ્ઞાનના પ્રકાશનું પ્રતિકાત્મક આરંભ કરવામાં આવ્યો. ત્યારબાદ વિશ્વવિદ્યાલય ગીત રજૂ કરવામાં આવ્યું. ઉપસ્થિત મહાનુભાવોને હાર્દિક આવકાર આપવામાં આવ્યો અને સ્વાગત પ્રવચન ડૉ. ગૌરવ શાહ (પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ, બાયોટેકનોલોજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય) દ્વારા આપવામાં આવ્યું.

ઉદ્ઘાટન સત્રમાં વિશિષ્ટ મહેમાનો તરીકે ડૉ. સુર્યસિંહ એ.વસાવા, પ્રિન્સિપાલ (ગવર્નમેન્ટ સાયન્સ, કૉલેજ, વાંકાળ) અને ડૉ. મેઘના અધ્વર્યુ (ઇન્ચાર્જ પ્રિન્સિપાલ, ગર્વમેન્ટ આર્ટ્સ, કોમર્સ એન્ડ સાયન્સ કૉલેજ, લિંબાયત)એ પોતાના વિચારો રજૂ કર્યા. તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના માનનીય કુલપતિશ્રીએ પ્રેરણાદાયક ભાષણ આપ્યું, જેમાં તેમણે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના પરિપેક્ષ્યમાં ભારતીય જ્ઞાન પ્રણાલીઓના મહત્વ પર ભાર મૂકયો.

ઉદ્ઘાટન સત્રનો સમાપન શ્રી ગૌરવ ઉપાધ્યાય દ્વારા આભારવિધિ સાથે થયો.

વર્કશોપ દરમિયાન ત્રણ ટેકનિકલ સત્રો યોજાયા. પ્રથમ સત્રમાં ડૉ. મેહુલ પી. દવે દ્વારા "પ્રાચીન ભારતની પર્યાવરણીય બુદ્ધિ આધુનિક પર્યાવરણીય પડકારો માટે પરંપરાગત જ્ઞાન" વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યુ, જેમાં તેમણે પ્રાચીન ભારતીય પરંપરાઓમાં રહેલી ટકાઉ વિકાસની સમજણ પર પ્રકાશ પાડયો.

બીજા સત્રમાં ડૉ. વિવેક જે. ચૌબેએ "આયુર્વેદમાં પરંપરાગત આરોગ્ય જ્ઞાન અને તેની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં પ્રાસંગિકતા" વિષય પર વ્યાખ્યાન આપ્યુ. જેમાં તેમણે આયુર્વેદના વૈજ્ઞાનિક મહત્વ અને આજના શૈક્ષણિક માળખામાં તેની ભૂમિકા સમજાવી.

ત્રીજા સત્રમાં ડૉ. સ્નેહલ કે. જોશી દ્વારા "પ્રાચીન જ્ઞાન, શાશ્વત સત્ય" વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું. જેમાં ભારતીય જ્ઞાન પરંપરાના તત્વજ્ઞાનિક અને વ્યવહારિક પાસાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો.

કાર્યક્રમનો સમાપન વેલિડિક્ટરી સત્ર સાથે થયો, જેમાં પ્રતિભાગીઓ પાસેથી પ્રતિસાદ લેવામાં આવ્યો. પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું અને અંતે આભાર વિધિ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો.

આ વર્કશોપમાં દેશભરના શિક્ષણવિદો, સંશોધકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના દૃષ્ટિકોણ મુજબ ભારતીય જ્ઞાન પ્રણાલીઓને આધુનિક શિક્ષણમાં સમાવવા માટે આ વર્કશોપ એક મહત્વપૂર્ણ અને અસરકારક મંચ સાબિત થયો.

## કેમ્પસથી કારકિર્દી તરફ : પ્રથમ બેચનું સ્મરણિય મિલન






બાયોટેકનોલોજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા તા. ૧૧ એપ્રિલ, ૨૦૨૬ના રોજ "From Campus to Career: First Batch Milestone Meet" શીર્ષક હેઠળ એક વિશેષ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એક ઐતિહાસિક ક્ષણને યાદગાર બનાવવા માટે યોજાયો હતો, કારણકે NEP 2020 અભ્યાસક્રમ હેઠળની પ્રથમ બેચે B.Sc. Biotechnologyમાં તેમની શૈક્ષણિક સફર પૂર્ણ કરી હતી.

આ મહત્વપૂર્ણ પ્રસંગે વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોને એક ઉષ્માભર્યા અને આનંદમય વાતાવરણમાં એકત્રિત કર્યા. આ મીટ એક એવા પ્લેટફોર્મ તરીકે કાર્યરત રહ્યુ જ્યાં સૌએ પોતાના સંયુકત અનુભવો, સિદ્ધિઓ અને વર્ષોથી બનેલા મજબૂત સંબંધો પર વિચારવિમર્શ કર્યો. વિદ્યાર્થીઓને તેમના

પ્રતિસાદ, અનુભવો અને સૂચનો રજૂ કરવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યાં.

ફેકલ્ટી સભ્યોએ સક્રિય રીતે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો, તેમને માર્ગદર્શન આપ્યું, માર્ગદર્શન અને મેન્ટરશિપ પૂરી પાડી તેમજ તેમના કારકિર્દી સંબંધિત પ્રશ્નોના જવાબ આપ્યા, કારણકે તેઓ હવે વ્યાવસાયિક જીવનમાં પ્રવેશ કરવા તૈયાર થઈ રહ્યા છે. આ કાર્યક્રમનો અંત એક સમૂહ ફોટોગ્રાફ સાથે થયો, જેમાં આ મહત્વપૂર્ણ ક્ષણની યાદોને કેદ કરવામાં આવી. આ પ્રસંગે ૧૧૯ વિદ્યાર્થીઓને ઉપસ્થિતિ નોંધાઈ હતી.

## Department of Library & Information Science

### શૈક્ષણિક પ્રવાસ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં સ્થિત સમાજવિજ્ઞાનભવન ખાતે કાર્યરત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ અંતર્ગત બેચલર ઓફ લાઈબ્રેરી એન્ડ ઇન્ફોર્મેશન સાયન્સ તથા માસ્ટર ઓફ લાઈબ્રેરી એન્ડ ઇન્ફોર્મેશન સાયન્સના કુલ ૧૮ વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપક તરીકે ડૉ. દિગ્વિજયસિંહ જે. ચૌહાણ તા. ૧ એપ્રિલ અને ૨ એપ્રિલ, ૨૦૨૬ના રોજ Inflibnet (Information and Library Network Center), IIM (Indian Institute of Management Ahmedabad અને ગુજરાત વિદ્યાપીઠની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને INFLIBNET દ્વારા આપવામાં આવતી વિવિધ માહિતી સેવાઓ, ડિજિટલ લાઈબ્રેરી, ઇ–સ્ત્રોતો અને સંશોધન માટે ઉપલબ્ધ સુવિધાઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત ત્યાંના નિષ્ણાંતો દ્વારા માહિતી પ્રૌદ્યોગિકીના ઉપયોગથી લાઈબ્રેરી વ્યવસ્થાપન કેવી રીતે વધુ કાર્યક્ષમ બનાવી શકાય તે અંગે સમજ આપવામાં આવી હતી. આ શૈક્ષણિક પ્રવાસનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને પ્રાયોગિક જ્ઞાન પ્રાપ્ત કરાવવાનો તથા લાઈબ્રેરી અને માહિતી વિજ્ઞાન ક્ષેત્રમાં આધુનિક પ્રવૃત્તિઓ સાથે પરિચિત કરાવવાનો હતો. વિદ્યાર્થીઓ માટે આ મુલાકાત ખૂબ જ માહિતીસભર અને ઉપયોગી સાબિત થઈ હતી. આ પ્રવાસ વિદ્યાર્થીઓ માટે અત્યંત માહિતીસભર પ્રેરણાદાયક અને વ્યાવસાયિક વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થયો હતો.

## મહાવિદ્યાલય સમાચાર

## જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### પીએચ.ડી.



શ્રીમતી ધામેલિયા રુતાબેન ભગવાનભાઈ દ્વારા રજૂ કરાયેલા મહાશોધ નિબંધ "Financial Performance Analysis of Co-operative Dairy Industry-with Special Reference to Gujarat"ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયએ માન્ય રાખી તેમને કોમર્સ/ એકાઉન્ટન્સી વિષયમાં પી.એચડી.ની પદવી એનાયત કરી છે. તેમણે તેમનો મહાશોધ નિબંધ જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના એકાઉન્ટન્સી વિભાગના પ્રોફેસર ડૉ. મયંક વ્રજલાલ સોઢાના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો. જે બદલ અમરોલી કૉલેજ પરિવાર તેમજ જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર તથા સ્ટાફ સભ્યો તરફથી તેઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

### પીએચ.ડી.



સરકારી વિનિયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ લિંબાયતમાં ફરજ બજાવતાં પ્રા. અર્જુન એમ. ડાયમાએ રજૂ કરેલા મહાશોધનિબંધ A Study on Consumer Perception and Usage of Online Payment System with Special Reference to Surat Districtને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયએ માન્ય રાખી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેમણે આ સંશોધનકાર્ય જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ચિરાગ કે. સિધ્ધપુરીયાના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું. જે બદલ આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ.દેસાઈ, જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર અને સ્ટાફ સભ્યોએ અભિનંદન પાઠવ્યા હતા.

## એસ.પી.બી. ઇંગ્લિશ મીડિયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરત

### પ્લેસમેન્ટ ફેર



સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લીશ મીડિયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરતના પ્લેસમેન્ટ સેલ દ્વારા તા. ૦૨–૦૪–૨૦૨૬ના રોજ પ્લેસમેન્ટ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને રોજગારની તકો પ્રદાન કરવા અને ઉદ્યોગજગત સાથે જોડાણ સ્થાપિત કરવાનો હતો. આ પ્લેસમેન્ટ ફેરમાં T.Y.B.Com તથા M.Com.ના ૧૪૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્લેસમેન્ટ ફેરમાં એકાઉન્ટિંગ, ટેક્ષેશન, ફાઈનાન્સ, માર્કેટિંગ, બેન્કિંગ, ટેલી–કોમ્યુનિકેશન તેમજ આઈ.ટી.ક્ષેત્ર સાથે સંકળાયેલી કુલ ૧૩ કંપનીઓ ભરતી પ્રક્રિયા માટે ઉપસ્થિત રહી હતી. કંપની પ્રતિનિધિઓ દ્વારા વિદ્યાર્થીઓના પર્સનલ ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસપૂર્વક ઈન્ટરવ્યૂમાં ભાગ લઈ પોતાના વિષયજ્ઞાન, સંવાદકૌશલ્ય તથા વ્યાવસાયિક ક્ષમતાનું અસરકારક પ્રદર્શન કર્યું હતું. પ્લેસમેન્ટ ફેરના પરિણામરૂપે મોટાભાગના વિદ્યાર્થીઓને વિવિધ કંપનીઓ દ્વારા શોર્ટલિસ્ટ કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે રોજગારની દિશામાં મહત્વપૂર્ણ તક સાબિત થયો હતો તેમજ વિદ્યાર્થીઓને ઉદ્યોગજગતની અપેક્ષાઓ અને ઈન્ટરવ્યૂ પ્રક્રિયાનો પ્રાયોગિક અનુભવ પ્રાપ્ત થયો હતો. કાર્યક્રમનું સફળ આયોજન કૉલેજના પ્લેસમેન્ટ ઓફિસર CA ડૉ. રવિ પટેલ અને ડૉ. ધ્રુવ ગાંગડવાળા દ્વારા ઈન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડ્યાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## વસ્ત્રદાન કાર્યક્રમ



સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત એસ.પી.બી. ઈંગ્લીશ મીડિયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરતના NSS યુનિટ દ્વારા તા. ૦૨/૦૪/૨૦૨૬ના રોજ ભાઠા ગામ, રખિયાલ નગર અને સરદાર પટેલ નગર સેવા વસ્તી ખાતે વસ્ત્રદાન કાર્યક્રમ યોજાયો હતો. જે અંતર્ગત જરૂરિયાતમંદ લોકોને વસ્ત્રોનું વિતરણ કરી માનવતાની ભાવના સાથે સામાજિક જવાબદારી નિભાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન NSSના સ્વયંસેવક વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને સેવા ભાવનાનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. વસ્ત્રદાન જેવી સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં સામાજિક જાગૃતિ, સંવેદનશીલતા અને માનવતાના મૂલ્યોનો વિકાસ થાય છે, જે આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ રહ્યો હતો. કાર્યક્રમનું આયોજન ઇ.ચા.આચાર્ય ડૉ. આશિષ પંડયાના માર્ગદર્શન હેઠળ NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. ફરિદા માંડવીવાલા અને ડૉ. પ્રતિક પસ્તાગિયાએ કર્યું હતું.

## એઆઈયુ રોડ સાઈકલિંગ ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ




સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લીશ મીડિયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરતની એમ.કોમ. સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની કુમારી મુસ્કાન એસ. ગુપ્તાએ એઆઈયુ (All India Inter University) રોડ સાયકલિંગ ચેમ્પિયનશીપ ૨૦૨૫–૨૬માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે. આ ચેમ્પિયનશીપનું આયોજન મહાત્મા ગાંધી મિશન વિશ્વવિદ્યાલય, છત્રપતિ સંભાજીનગર–ઔરાંગાબાદ ખાતે તા. ૧૫ થી ૧૮ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન કરવામાં આવ્યું હતું. જેમાં તેમણે ૫૦ કિ.મી. રોડ માસ સ્ટાર્ટ રેસમાં આ સિદ્ધિ હાંસલ કરી છે. તેમની આ સિદ્ધિ તેમના કઠોર પરિશ્રમ, લગન અને રમત ગમત પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. આ પ્રસંગે ઈન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડયા તથા સ્પોર્ટસી પ્રોફેસર ડૉ. ધનંજય યાદવ દ્વારા તેમને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

## શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા.

## 'ભારતીય સાહિત્યમાં મૉ નર્મદા' વિષયક એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ



તા. ૨૫–૦૪–૨૦૨૬ના રોજ તપોવન સંસ્કાર કેન્દ્ર, ભરૂચ ખાતે અખિલ ભારતીય સાહિત્ય પરિષદ, ભરૂચ એકમ દ્વારા શ્રી નર્મદા સંસ્કૃત વેદપાઠશાળા મહાવિદ્યાલય, ભરૂચના સંયુક્ત ઉપક્રમે અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી 'ભારતીય સાહિત્યમાં મૉ નર્મદા' વિષયક એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

પરિસંવાદનો પ્રારંભ સવારે ૧૦:૦૦ થી ૧૧:૪૫ દરમિયાન યોજાયેલ ઉદ્ઘાટન સત્રમાં દીપ પ્રાગટ્યથી કાર્યક્રમને શાસ્ત્રીય શરૂઆત અપાઈ. અણીતા કૉલેજના પ્રા. જયશ્રી રાવાલજી દ્વારા પ્રાર્થના તથા ઋષિકુમારો દ્વારા નર્મદાષ્ટકમનું ગાન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદના અધ્યક્ષ, કુલગુરુ ડૉ. મધુકર પાડવી (બિરસામુંડા યુનિવર્સિટી, રાજપીપલા) તેમજ કુલગુરુ ડૉ. વિપુલ શાસ્ત્રી (વિદ્યાદીપ યુનિવર્સિટી અણીતા)ના આર્શીવચનનો બાદ અણીતા કૉલેજના અધ્યાપક ડૉ. સંજય પટેલ દ્વારા શાબ્દિક સ્વાગત, જ્યારે અખિલ ભારતીય સાહિત્ય પરિષદ ભરૂચ એકમના મુખ્ય સંયોજક, શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ, વાલિયાના સંસ્કૃત વિષયના વિભાગ અધ્યક્ષ, પી.જી. ઇન્ચાર્જ, એસોસિયેટ પ્રોફેસર ડૉ. અલ્કાબેન ચૌહાણ દ્વારા પરિસંવાદની ભૂમિકા રજૂ કરવામાં આવી. કાર્યક્રમના અધ્યક્ષ તપોવન સંસ્કાર કેન્દ્રના પ્રમુખ શ્રી દિનેશભાઈ પંડયા દ્વારા આર્શીવચન આપવામાં આવ્યા હતા. પરિસંવાદના અતિથિ વિશેષ ડૉ. જયેશ પટેલે આચાર્ય, શેઠ એમ.એન.સી. કૉલેજ ઓફ એજ્યુકેશન, ડભોઈ દ્વારા નર્મદાનું સાહિત્યિક મહત્વ દ્વારા માનવ જીવનમાં નદીના મહત્વ અંગે સંવાદ કરી પરિસંવાદની શુભેચ્છા પાઠવી હતી. આ ઉપરાંત જેમની પાવન ઉપસ્થિતિ હતી એવા વકતાશ્રી 'પરમ વિદેષી' શ્રી અર્ચનાદીદી (ભાગવત કથાકાર) જેમણે 'માઁ નર્મદા' એ માત્ર નદી નથી પણ સંસ્કૃતિ અને સાહિત્યનું જીવંત પ્રતીક છે, સંસ્કૃતિની જનની છે તેમજ નદી એ તો ભારતીય સાહિત્યને એકતા, શુદ્ધિ અને જીવનદાયિની શકિતનું પ્રતીક આપ્યું છે આ ઉપરાંત પરિક્રમા, પર્યાવરણ શ્રદ્ધા, ભક્તિ આદિ મુદ્દાને ધ્યાનમાં રાખી વકતવ્ય આપ્યું હતું. 'માઁ નર્મદા'ના ધાર્મિક અને આધ્યાત્મિક મહત્વ અંગે રસપ્રદ જ્ઞાન આપી પરિસંવાદના હોલના વાતાવરણને પવિત્ર બનાવ્યું હતું. પરિસંવાદના ઉદ્ઘાટન સત્રના અંતે ડૉ. કલ્પેશ પટેલ, પ્રાધ્યાપક, વી.ટી.ચોકસી સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, સુરત દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ અખિલભારતીય સાહિત્ય પરિષદના ગુજરાત પ્રાંત ડૉ. ભરત ઠાકોર દ્વારા બીજરૂપ વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં તેમણે અખિલ ભારતીય સાહિત્ય પરિષદના મુખ્ય હેતુઓ, ઉદેશો, સંસ્કૃતિ તેમજ સાહિત્યમાં નવીનીકરણ ઉપરાંત પરિસંવાદના વિષયને અનુરૂપ નદી, નર્મદાના મહત્વને સમજાવતા સિંધુ અને બિંદુ (જળ) માનવ જીવનનું અભિન્ન અંગ ગણાવી તેની મહત્તા અંગે ચર્ચા કરી હતી.

પરિસંવાદના પેનલ ચર્ચા સત્ર ૧૧:૪૫ થી ૧૨: ૪૫ દરમિયાન યોજાઈ હતી. જેમાં ડૉ. ભારમલ પટેલ અને ડૉ. બાબુ પટેલે અનુક્રમે 'નર્મદાનું મહત્વ અને માહાત્મ્ય' તથા 'તત્વમસિ નવલકથામાં નર્મદા નદીનું નિરૂપણ' જેવા વિષયો પર વિશેષ માર્ગદર્શન આપ્યું હતું. બપોરે ભોજન વિરામ બાદ શોધપત્ર વાંચન સત્ર યોજાયું. જેમાં વિવિધ સંશોધકો દ્વારા પોતાના સંશોધન પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. આ સત્રન અધ્યક્ષ તરીકે ડૉ. કૌશલ પારેખ (આચાર્ય, થવા બી.એડ કૉલેજ) હતા. પરિસંવાદનું સમાપન સત્ર બપોરે ૩:૧૦ કલાકે યોજાયું જેમાં ડૉ. જયેશ પટેલ અધ્યક્ષસ્થાને રહ્યા હતા.

આ પરિસંવાદ દ્વારા 'માં નર્મદા'ના ધાર્મિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક મહત્વને ઉજાગર કરવામાં આવ્યું અને સંશોધકો તથા વિદ્વાનોને એક મંચ પર વિચારવિર્મશ કરવાની ઉત્તમ તક પ્રાપ્ત થઈ  આ પરિસંવાદમાં કુલ ૧૨૫ જેટલા રજીસ્ટ્રેશન થયા હતા. ૧૧૦ જેટલા સંશોધન પત્ર આવ્યા હતા. ૩૦ જેટલા પત્રોનું વાંચન થયું હતું જેમાં વાલીયા કૉલેજ, અંકલેશ્વર કડકિયા કૉલેજ, ભરૂચ જે.પી.કૉલેજ, સત્યમ બી.એડ કૉલેજ, રાજપીપળા કૉલેજ, નેત્રંગ કૉલેજ, વાંકલ કૉલેજ તેમજ અન્ય કૉલેજ અને દિલ્હી, હિંમતનગર, પાલનપુર, બનાસકાંઠા તેમજ સ્કૂલના ટીચરો અને કૉલેજના વિદ્યાર્થીઓને જેમાં વાલિયાના સંસ્કૃત વિષયના વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. જેઓ દ્વારા પત્ર વાંચન કરવામાં આવ્યું હતું આમ આ પરિસંવાદનો હેતુ અતાગ પરિશ્રમ બાદ થયો હતો. શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજના ઇ.ચા. આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટ, સંસ્કૃત પાઠશાલાના આચાર્ય તેમજ અધ્યાપક મિત્રો અને ડૉ. વિશાલભાઈ મહેતાના સ્થાનિક સહકારથી આ પરિસંવાદ સફળ થયો હતો. સમાપન સત્ર દરમિયાન ડૉ. જયેશ પટેલના અધ્યક્ષીય ઉદ્બોધન બાદ પ્રમાણપત્ર વિતરણ અને ડૉ. સંજય પટેલ દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું. અંતે ઓમ પૂર્ણ મદઃ પૂર્ણમ્ ઇદમ્...॥ શાંતિમંત્ર બાદ કાર્યક્રમનું સમાપન કરવામા આવ્યું હતું.

## વિદાય સમારંભ



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ, વાલીયાના હોમ સાયન્સ વિભાગ દ્વારા ટી.વાય.બી.એ. (સેમેસ્ટર-૬)ની વિદ્યાર્થિનીઓ માટે એક અત્યંત ભાવનાત્મક અને યાદગાર વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય અંતિમ વર્ષની વિદ્યાર્થિનીઓના શૈક્ષણિક પ્રવાસને બિરદાવવાનો અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે મંગલ કામનાઓ પાઠવવાનો હતો. કાર્યક્રમની શરૂઆત પવિત્ર મંગલાચરણ સાથે કરવામાં આવી હતી. જેનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય અને મંગલકારી બની ગયું હતું. વિભાગ અધ્યક્ષ પ્રા. ભાવનાબેન ગોથાણાએ વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી સંબોધન આપી વિદ્યાર્થીઓની ત્રણ વર્ષની મહેનત, શિસ્ત અને વિવિધ સિદ્ધિઓની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. તેમણે આર્શીવાદ આપતા જણાવ્યું કે, કોલેજકાળ દરમિયાન મેળવેલું શિક્ષણ અને સંસ્કાર તેમને જીવનના દરેક પડકારમાં સફળતા અપાવશે. ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. નિયતિબેન ભટ્ટે તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું કે, વિદાય એ અંત નથી પરંતુ એક નવા અને ઉજ્જવળ પ્રારંભની શરૂઆત છે. તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં સતત આગળ વધવા માટે પ્રેરણા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સુંદર અને સુવ્યવસ્થિત

સંચાલન પ્રા. અનિતાબેન વાઘ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમની આગવી શૈલી અને શબ્દોએ કાર્યક્રમમાં સતત જીવંતતા જાળવી રાખી હતી. કાર્યક્રમના ઉત્તરાર્ધમાં 'અનુભવોનું આદાન–પ્રદાન' સત્ર યોજાયું હતું. જેમાં ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થીનીઓએ કૉલેજકાળના પોતાના મીઠા સ્મરણો, મિત્રતા અને અધ્યાપકો સાથેના અનુભવો રજૂ કર્યા હતા. પોતાના પ્રિય સખીઓ અને આદરણીય ગુરુજનોથી છૂટા પડવાની આ ઘડીએ વાતાવરણ અત્યંત ભાવુક બની ગયું હતું. શિક્ષકો અને વિદ્યાર્થીનીઓ વચ્ચેનો સ્નેહભર્યો સંબંધ આ પ્રસંગે સ્પષ્ટપણે જોવા મળ્યો હતો. અંતે પ્રા. નિમિષાબેન દ્વારા આભારવિધિ કરી આ કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહયોગ આપનાર તમામનો હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો. આ વિદાય સમારંભ માત્ર એક ઔપચારિક પ્રસંગ બની ન રહેતા, દરેક વિદ્યાર્થીનીના હૃદયમાં એક સ્મરણીય સંભારણું બનીને અંકિત થઈ ગયો. વિદ્યાર્થીનીઓ કૉલેજમાંથી વિદાય લેતા સમયે નવા જીવનના અધ્યાય માટે આત્મવિશ્વાસ સાથે સજ્જ જણાઈ હતી.

## નવા નાણાકીય વર્ષઃ ૨૦૨૬–૨૭ માટે શુભેચ્છા સંદેશ

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ, વાલીયાના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ દ્વારા નવા નાણાકીય વર્ષ ૨૦૨૬–૨૭ના અવસરે વિદ્યાર્થીઓ તથા સ્ટાફ સભ્યોને શુભેચ્છા પાઠવવા માટે વિશેષ અભિનંદન સંદેશ તૈયાર કરવામાં આવ્યો હતો. આ શુભેચ્છા સંદેશને આકર્ષક ફલાયર સ્વરૂપે તૈયાર કરીને કૉલેજના વિદ્યાર્થીઓ અને સ્ટાફના સભ્યોને વોટ્સએપ ગ્રુપમાં મોકલી કૉલેજના નોટિસ બોર્ડ પર પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. આ ફલાયરમાં નવા નાણાકીય વર્ષની શરૂઆત સાથે આર્થિક વિકાસ અને સ્થિરતા, નવીન વિચારસરણી અને અભ્યાસ, શૈક્ષણિક શ્રેષ્ઠતા તથા સર્વાંગી સમૃદ્ધિ જેવા મૂલ્યો પર ભાર મુકવામાં આવ્યો છે. નવા નાણાકીય વર્ષમાં વિદ્યાર્થીઓમાં સકારાત્મકતા, પ્રગતિ અને નવી તકો સર્જાય તેવી શુભકામનાઓ વ્યકત કરવામાં આવી હતી. વધુમાં જણાવ્યું હતું કે, નવું નાણાકીય વર્ષ માત્ર આર્થિક પ્રવૃત્તિઓ માટે જ નહી પરંતુ શૈક્ષણિક ક્ષેત્રમાં પણ નવા લક્ષ્યો હાંસલ કરવા માટે પ્રેરણા પૂરું પાડે છે.

## વિવિધ સર્ટિફિકેટ કોર્સના વેકેશન બેચનું ઉદ્ઘાટન



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ, વાલીયા ખાતે હોમ સાયન્સ વિષયના એડ–ઓન તેમજ વિવિધ સર્ટિફિકેટ કોર્સના વેકેસન બેચનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની ભારતી સિરીઝ મોદી વિમેન્સ ફાઉન્ડેશન અને રોટરી કલબ ઓફ ભરૂચના સંયુકત ઉપક્રમે તથા સંસ્થાની સામાજિક જવાબદારીના ભાગરૂપે આયોજિત કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીનીઓના કૌશલ્ય વર્ધન માટે બ્યુટી પાર્લર, ટેલરિંગ (સીવણ કલાસ), કમ્પ્યુટર તાલીમ અને એટીકેટ (શિષ્ટાચાર) તાલીમના કોર્સ શરૂ કરવામાં આવ્યા છે. કાર્યક્રમનું સંચાલન વાઈસ પ્રિન્સિપાલ ભાવનાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે ઉપસ્થિત વિદ્યાર્થીઓને આ વ્યવસાયલક્ષી કોર્સ દ્વારા રોજગાર ક્ષમતા કેવી રીતે વધારી શકાય અને આત્મનિર્ભર કેવી રીતે બની શકાય તે અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડયું હતું. આ પ્રસંગે સંસ્થાના જોઈન્ટ સેક્રેટરી શ્રી વિહારીયાએ ખાસ ઉપસ્થિત રહીને પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું હતું અને વર્તમાન સમયમાં આવા કૌશલ્યવર્ધક કોર્સના મહત્વ વિશે સૌને સમજ આપી હતી. કાર્યક્રમના અંતે એસોસિયેટ પ્રોફેસર ભાવનાબેન ગોથાણાએ નર્મદા ચેનલ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આ મફત વેકેશન બેચ આસપાસના ગ્રામ્ય વિસ્તારની બહેનો માટે રોજગારીની નવી દિશાઓ ખોલશે. આ તકે તેમણે કૉલેજના મંત્રી ડૉ. વનરાજસિંહ મહીડા, રોટરી કલબના પ્રોજેકટ ચેરમેન શ્રી ડૉ. પ્રતિક્ષાબેન મહીડા, રોટરી કલબ ઓફ ભરૂચ અને મોદી વિમેન્સ ફાઉન્ડેશનનો વિશેષ આભાર માન્યો હતો. આ કોર્સમાં ગ્રામ્ય વિસ્તારની બહેનોએ ખૂબ જ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે, જે બદલ તમામ તાલીમાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## બહેનો માટે નિઃશુલ્ક કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ, વાલિયા ખાતે તા. ૧૦/૦૪/૨૦૨૬ના રોજ પાર્લર, સીવણ, કોમ્પ્યુટર અને એટિકેટના વ્યવસાયલક્ષી અને પર્સનાલિટી ડેવલપમેન્ટ કોર્ષના વેકેશન બેચની આસપાસના ગ્રામ્ય વિસ્તારની બહેનો માટે નિઃશુલ્ક કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૉલેજના મંત્રીશ્રી ડૉ. વનરાજસિંહજી મહીડાએ પોતાના પ્રવચનમાં રોટરી કલબની કામગીરી વિશે પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે આજના યુગમાં વ્યવસાયલક્ષી શિક્ષણનું મહત્વ ખૂબ જ વધી ગયું છે અને આ પ્રકારની કીટ બહેનોને પ્રાયોગિક જ્ઞાન મેળવવામાં મદદરૂપ બનશે. આ પ્રસંગે પ્રોજેકટ ચેરમેન ડૉ. પ્રતિક્ષાબેન મહીડાનો સિહફાળો રહ્યો છે, જેના કારણે બહેનોને આ ઉત્તમ તક પ્રાપ્ત થઈ છે. તેમણે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ કે, તાલીમ પૂર્ણ કર્યા

બાદ પોતાનો સ્વરોજગાર શરૂ કરી ભવિષ્યને ઉજળું બનાવી શકશે. આ કોર્ષનો મુખ્ય હેતુ બહેનોને આત્મનિર્ભર બનાવવો અને તેમના કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

આ કોર્સના કૉ–ઓર્ડિનેટર પ્રા. ભાવનાબેન ગોથાણા દ્વારા વ્યકત કર્યો હતો. તેમણે સંસ્થાના મંત્રીશ્રી ડૉ. વનરાજસિંહજી મહીડાનો હૃદયપૂર્વક આભાર માન્યો કે જેમણે ગ્રામ્ય વિસ્તારની દીકરીઓ અને બહેનોના કૌશલ્ય વિકાસ માટે કૉલેજ કેમ્પસમાં આ સુવિધાઓ અને પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવ્યુ. તેમના સતત માર્ગદર્શન હેઠળ જ આ સામાજિક જવાબદારીનું કાર્ય શક્ય બન્યું છે. તેમજ ડૉ. પ્રતીક્ષાબેન મહીડા પ્રોજેકટ ચેરમેન, રોટરી કલબ ઓફ ભરૂચના માધ્યમથી બહેનોને જરૂરી સાધન–સામગ્રી(કીટ) પૂરી પાડીને તેમને પગભર કરવાના ઉમદા કાર્ય બદલ વિશેષ આભાર માનવામાં આવ્યો હતો. તેમની નિષ્ઠા અને સહયોગથી તાલીમાર્થીઓમાં નવો ઉત્સાહ જોવા મળ્યો હતો. ઉપરાંત ભારતીય સિરીશ મોદી વિમેન્સ ફાઉન્ડેશન કે જેઓ મહિલા સશક્તિકરણના આ યજ્ઞમાં સહભાગી થઈને નિઃશુલ્ક તાલીમ અને કીટની વ્યવસ્થામાં કરવામાં મહત્વનો ફાળો આપવા બદલ તેમનો પણ આભાર પ્રગટ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગ ઇન્ચાર્જ વાઈસ પ્રિન્સિપાલ ડૉ. નિયતિબેન ભટ્ટ તથા તમામ કોર્ષના ટ્રેનરો હાજર રહ્યા હતા. એડ ઓન અને સર્ટિફિકેટ કોર્સના કૉ–ઓર્ડિનેટર ૨૦૧૭ થી સેવાઓ આપી રહ્યા છે. તેમણે સુચારુ રીતે કરીને કાર્યક્રમને બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ૨૪૫ ગામડાંની બહેનોએ હાજર રહીને નિઃશુલ્ક કીટ મેળવી હતી.

## એક દિવસીય રાષ્ટ્રીય ઈ–સંગોષ્ઠી (વેબિનાર)




શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ, વાલિયા દ્વારા તા. ૨૪–૦૪–૨૦૨૬ના રોજ સાંજે ૬:૦૦ કલાકે એક દિવસીય રાષ્ટ્રીય ઈ–સંગોષ્ઠી (વેબિનાર)નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સંગોષ્ઠીનો વિષય "ભારતીય જ્ઞાન પરંપરામાં વિશિષ્ટ દ્વૈત દર્શનનું સ્થાન" રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન ગ્લોબલ સંસ્કૃત ફોરમ, ગુજરાત પ્રાંત તથા શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ, વાલિયા (ભરૂચ)ના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યો હતો.

ઈ–સંગોષ્ઠીના અધ્યક્ષ તરીકે ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિ બી. ભટ્ટ તથા મુખ્ય વિશિષ્ટ વક્તા તરીકે ડૉ. ભરત ઠાકોર (પ્રાધ્યાપક, ગુજરાતી વિભાગ તથા સંયોજક, હિન્દુ અધ્યયન પ્રતિષ્ઠાન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત) ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના પ્રવચનમાં વિષયને ઊંડાણપૂર્વક સમજાવી ભારતીય જ્ઞાન પરંપરાનું તત્ત્વજ્ઞાનાત્મક દૃષ્ટિકોણ રજૂ કર્યો હતો. આ સાથે મુખ્ય વક્તા તરીકે પ્રોફેસર કે. અનંતા આચાર્ય (વિશિષ્ટાદ્વૈત વેદાંતી, શ્રી લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય, નવી દિલ્હી)એ પોતાના ઉદ્બોધનમાં 'વિશિષ્ટ દ્વૈત દર્શન' વિષયને ધ્યાનમાં રાખીને તત્ત્વજ્ઞાનનો સુંદર બોધ કરાવ્યો હતો.

કાર્યક્રમનું સંચાલન ડૉ. અંજના ત્રિવેદી (આસિસ્ટન્ટ પ્રોફેસર સંસ્કૃત વિભાગ સયાજી ગાયકવાડ વિશ્વવિદ્યાલય, વડોદરા) દ્વારા કરવામાં આવ્યું હતું. આ વેબિનારના સૂત્રધાર, પરામર્શદાતા ડૉ. રાજેશકુમાર મિશ્રા. (મહાસચિવ, વિદૂષીસમૂહ એવમ્ GSF) જેમણે કોલેજને ગ્લોબલ સંસ્કૃત ફોરમ ગુજરાત પ્રાંત દિલ્હી સાથે જોડી ઈ–સંગોષ્ઠી વેબિનારનું આયોજન કરાવ્યું. કાર્યક્રમના સંયોજક તરીકે સંસ્કૃત વિભાગના વિભાગાધ્યક્ષ ડૉ. અલકા એન. ચૌહાણે આભારવિધિ કરી હતી. અંતે શાંતિ પાઠ સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ ઈ–સંગોષ્ઠીમાં વોટ્સએપ ગ્રુપમાં કુલ ૭૪૨ જેટલા સભ્યો જોડાયા હતા અને તેમાંથી આશરે ૧૪૨ જેટલા પ્રતિભાગીઓએ સક્રિય રીતે ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## શ્રી સરસ્વતી મહાવિદ્યાલય આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, આભવાગામ, સુરત.

### એન.એસ.એસ. યુનિટ દ્વારા ખાસ શિબિરનું આયોજન



જગદીપ શારદા પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી સરસ્વતી મહાવિદ્યાલય આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી સ્વર્ણિમા જૈનના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. યુનિટ દ્વારા વિશેષ શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરના ઉદ્ઘાટન પ્રસંગે અતિથિ વિશેષ તરીકે જગદીપ શારદા પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટના ચેરમેન શ્રી વીરેન્દ્ર શારદા, ટ્રસ્ટીશ્રી સવિતા શારદા, સેક્રેટરી શ્રી મનમોહન શર્મા, અને મેનેજિંગ ડિરેકટર શ્રી ડૉ. યોગિતા શારદા હાજર રહ્યાં હતાં. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો દ્વારા એન.એસ.એસ. અંગેની માહિતી આપવામાં આવી હતી. તેમજ NSS કેમ્પનું મહત્વ અને તેમા જોડાવવાથી વિકસિત થતાં ગુણો અને ફાયદાઓ વિષે સ્વયંસેવકોને માહિતગાર કર્યા હતા. શિબિરનું આયોજક કરવા બદલ શુભેચ્છાઓ આપવામાં આવી હતી અને ઉપસ્થિત મહેમાનોનું ખેસ અને પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ શિબિર દરમિયાન વિદ્યાર્થીઓમાં

સામાજિક જવાબદારી અને જાગૃતિ વિકસાવવા માટે વિવિધ સર્જનાત્મક અને પ્રેરણાત્મક પ્રવૃત્તિઓ યોજાઈ હતી. નશામુક્તિ, સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણ જેવા મહત્વપૂર્ણ વિષયો પર પોસ્ટર મેકિંગ સ્પર્ધા તથા જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં બાળ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં અંદાજે ૯૭ જેટલા ઘરોની માહિતી એકત્રિત કરવામાં આવી હતી. ઉપરાંત, વિદ્યાર્થીઓએ આંગણવાડીના બાળકો સાથે સમય વિતાવી તેમના બાળપણની મીઠી યાદોને ફરીથી જીવંત કરી હતી. શિબિર દરમિયાન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત પણ લેવામાં આવી હતી, જ્યાં વિદ્યાર્થીઓએ આરોગ્ય સેવાઓ અંગે પ્રાથમિક માહિતી મેળવી વિવિધ વિષયો પર માર્ગદર્શન માટે વિશેષ વ્યાખ્યાનું આયોજન કર્યું હતું, જેમાં SVNITના ડૉ.સંજય શાહ દ્વારા લાઈફસ્ટાઈલ અને નર્મદા પરિક્રમા વિષય પર, શ્રી કલ્પના જૈન દ્વારા માનસિક સ્વાસ્થ્ય વિષય પર તથા શ્રી જગદીશભાઈ પરમાર દ્વારા પર્યાવરણ અને વન્યજીવ સંરક્ષણ વિષયક સેમિનાર યોજાયો હતો. આ વિશેષ શિબિરના ભાગરૂપે સુરતના અલથાણ અર્બન ફોરેસ્ટ તથા ઈકો ફાર્મની મુલાકાત લેવામાં આવી હતી. અહી વિદ્યાર્થીઓએ અર્બન ફોરેસ્ટના વિકાસ માટે વૃક્ષારોપણ કરીને પર્યાવરણ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. શિબિર દરમિયાન વિદ્યાર્થીઓમાં સહકાર, નેતૃત્વ અને ટીમવર્કની ભાવના વિકસે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહથી સહભાગી બન્યા હતા.

## મતદાન જાગૃતિ અંગે શપથ લેવામાં આવ્યા




લોકશાહીનો સૌથી મોટો અવસર અને ખાસ કરીને આગામી સમયમાં થનાર મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓમાં મતદાન અંગેની જાગૃતિ ફેલાવવા તથા વધુમાં વધુ મતદાન થાય તે માટેની પ્રેરણાના હેતુસરથી શ્રી સરસ્વતી મહાવિદ્યાલય આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, સુરત ખાતે ઇ.ચા.આચાર્યશ્રીનાં માર્ગદર્શન હેઠળ NSS યુનિટ દ્વારા મતદાન જાગૃતિ અંગેના શપથ લેવામાં આવ્યા. જેમાં વિદ્યાર્થીઓને મતદાનના મહત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. જ્યાં તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યશ્રીઓને દેશના લોકશાહી મૂલ્યોને મજબૂત બનાવવા પોતાના મતાધિકારનો નિષ્ઠાપૂર્વક અને યોગ્ય ઉપયોગ કરવાનો તથા અન્ય લોકોને પણ મતદાન માટે પ્રેરિત કરવાના શપથ લીધા હતા.

## ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની ૧૩૬મી જન્મ જયંતી નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમ



જયદિપ શારદા પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી સરસ્વતી મહાવિદ્યાલય આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, આભવામાં ઇ.ચા. આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ NSS યુનિટ અને એસ.ટી.એસ.સી. સેલના સંયુક્ત ઉપક્રમે બંધારણના ઘડવૈયા ભારત રત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરજીની ૧૩૬મી જન્મ જયંતી નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજના મેનેજિંગ ડિરેકટર શ્રી યોગિતા શારદાજી, સ્ટાફના સભ્યશ્રીઓ, NSSના સ્વયંસેવકો અને વિદ્યાર્થીઓ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરજીને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. આ પ્રસંગે બાબાસાહેબ આંબેડકરજીના જીવન ચરિત્રોને યાદ કરી તેમના આદર્શો અને ગુણોને જીવનમાં ઉતારવાની પ્રેરણા પણ મેળવી હતી.

## પક્ષીઓના સંરક્ષણ માટે એક સરાહનીય સેવાકીય પ્રવૃત્તિ



શ્રી સરસ્વતી મહાવિદ્યાલય આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, સુરત ખાતે ઇ.ચા.આચાર્ય શ્રી સ્વર્ણિમ જૈનના માર્ગદર્શન હેઠળ NSS યુનિટ દ્વારા ગરમીના સમયને ધ્યાનમાં રાખીને પક્ષીઓના સંરક્ષણ માટે એક સરાહનીય સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવી. આ પહેલ અંતર્ગત વિદ્યાર્થીઓને ઇકોસિસ્ટમમાં સંતુલન જાળવવામાં પક્ષીઓના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. તદુપરાંત, પક્ષીઓને ઉનાળામાં સરળતાથી પાણી, આહાર અને રહેઠાણ મળી રહે તે હેતુસર વિદ્યાર્થીઓ દ્વારા ઘોંસલાં બનાવવા માટે ઉપયોગી વિવિધ સામગ્રી તૈયાર કરવામાં આવી. તેમજ પક્ષીઓ માટે પાણી અને દાણા રાખવા માટે ડબ્બાઓ કાપીને તેને ઉપયોગી સ્વરૂપ આપવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિમાં શૈક્ષણિક સ્ટાફ સભ્યો તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સહભાગી બની સેવાભાવ અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનો ઉત્તમ સંદેશ આપ્યો હતો. એમાં દરેકે પોતાના ઘર આસપાસ પક્ષીઓ માટે દાણા અને પાણી રાખવાનો સંકલ્પ કર્યો હતો.

## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-04-2026 to 30-04-2026

| Detail | Description | April-2026 | |
|---|---|---|---|
| User | Visitors | 3538 | |
| | Internet Lab User | 0 | |
| Registered Members | BoM/EC Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 1 | |
| | UG/PG Students | 7 | |
| | Research Scholars | 12 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 0 | |
| | E-resource User | 0 | |
| | Total | | 3558 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| April-2026 | 62 | 132 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનારઃ ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | April-2026 | 34 |

Sources: Ms. Namrata Shingodawala, Lab Assistant, Computer Lab.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | April-2026 | 29 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | April-2026 | 31 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. Gaurang D. Rami**
Professor & Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. Rameshdan C. Gadhvi**
The Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, વિશ્વવિદ્યાલય ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ **e-mail: dakshinayan@vnsgu.ac.in**

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE **www.vnsgu.ac.in**